# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ,
## વડોદરા - ૩૯૦૦૦૨

**પ્રભુ ઈસુમાં વ્હાલી બેનો,**

આપણા તારનાર ઈસુના નામમાં આપ સર્વને નવા વર્ષની પ્રેમભરી કુશળતા અને શુભેચ્છા. નવા વર્ષની શરૂઆત મને બહુ ગમે છે. તે તો નવા દર્શન, નવા ધ્યેય અને આવનાર દિવસોને માટે નવા આયોજનનો સમય છે.

નીતિવચનો ૧૬:૯માં લખ્યુ છે ''માણસનું મન પોતાના માર્ગની યોજના કરે છે; પણ તેના પગલાં ચલાવવાનું યહોવાના હાથમાં છે.''

૨૦૨૦ના વર્ષને માટે ''આશાવાન સ્ત્રીઓ'' કાર્યક્રમને માટે મુખ્ય વિષય તરીકે માથ્થી ૧૧:૨૮-૩૦માંથી ''વિસામો'' અથવા ''આરામ'' શબ્દની પસંદગી કરવામાં આવી છે. આ વચન જણાવે છે ''ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો ને હું તમને વિસામો આપીશ. મારી ઝુંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું; ને તમે તમારા જીવનમાં વિસામો પામશો. કેમ કે મારી ઝુંસરી સહેલ છે, ને મારો બોજો હલકો છે.''

''વિસામો'' શબ્દનો અર્થ તમારા માટે શું છે ? શું તેનો અર્થ એવો થાય કે કોઈ તળાવના કિનારે શાંતિથી એકલા બેસી જવું ? શું તેનો અર્થ એવો થાય કે થોડો સમય ઊંઘ લેવી અને શરીરને આરામ આપવો ?

આ વર્ષ દરમ્યાન આપણે બાઈબલનો અભ્યાસ કરીને આ સમજવાનો પ્રયત્ન કરીશું કે ઈસુ ખ્રિસ્તના આ આમંત્રણનો અર્થ શું થાય અને ''વિસામો'' શબ્દનો અર્થ શું થાય.

જાન્યુઆરી મહિના દરમ્યાન આપણે સહુ સાથે મળીને આપણી દીકરીઓ શિક્ષિત બને અને તેઓને અભ્યાસની તકો પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરીશું. ૨૦૨૦ના વર્ષ દરમ્યાન આપ અમારી આ પ્રાર્થના ચળવળમાં ભાગીદાર થવાનું ચાલુ જ રાખશો, તે સાથે આપના મિત્રોને પણ તેમાં ભાગીદાર બનાવશો એવી મારી નમ્ર અરજ છે. TWRની બહેનો માટેની આ સેવાઓને પણ આપની પ્રાર્થનાઓમાં યાદ રાખશો.

આપનું નવું વર્ષ સફળ, આશીર્વાદિત અને આનંદદાયક નીવડે અને ઈશ્વર આપની સર્વ સારી ઈચ્છાઓને પૂરી કરે એ જ મારી પ્રાર્થના તથા શુભેચ્છા.




**એ જ પ્રભુમાં**

**ઈવેન્જલીના સત્યાનંદ**

**''આશાવાન સ્ત્રીઓ''**

**ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા**

## ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ‘‘આશાવાન સ્ત્રીઓ’’ પ્રાર્થના કેલેન્ડર - જાન્યુઆરી - ૨૦૨૦

(૧) આપણા બાળકો તેમની સ્કુલમાં અને મિત્રો મધ્યે ઈસુને માટે અજવાળારૂપ બને અને પોતાના શબ્દો અને કાર્યો મારફતે મિત્રોને ઈસુની પાસે દોરી લાવે તે માટે પ્રાર્થના કરીએ.

માથ્થી ૫:૧૪ ‘‘પહાડ પર વસાવેલું નગર સંતાઈ રહી શકતું નથી.’’

(૨) ફીનલૅન્ડની ઘણી બધી દીકરીઓ અભ્યાસથી થાકી જાય છે અને અભ્યાસના દબાણને લીધે બિમાર પડી જાય છે. પ્રભુ દરેક દીકરીઓને મદદ કરે કે તેઓ પોતાની સિદ્ધિઓમાં નહિ પણ ઈશ્વરમાં મૂલ્ય ધરાવે છે તે તેઓ સમજી શકે માટે પ્રાર્થના કરીએ.

(૩) બાઈબલ બહારની વિચારધારાઓ પ્રત્યે દરેક વિદ્યાર્થીની આંખો પ્રભુ ખોલે કે તેઓ પવિત્ર આત્માની પ્રેરણાને સમજે, સત્યને સમજે અને પોતાની સમસ્યાઓની માતાપિતા સાથે ચર્ચા કરે માટે પ્રાર્થના કરીએ. (યોહાન ૧૪:૨૬)

(૪) ઉત્તર કોરિયાના વિદ્યાર્થીઓ, જેઓ શરણાર્થીઓ તરીકે રહે છે તેઓને યોગ્ય શિક્ષકો મળી રહે, જે તેઓની જરૂરિયાતો પૂરી પાડે અને અપરિચિત શિક્ષણ પદ્ધતિને સ્વીકારવામાં મદદ પૂરી પાડે તે માટે પ્રાર્થના કરીએ.

(૫) આપણા બાળકો તેઓના શિક્ષકોને આદર આપે અને સંઘર્ષના સમયોમાં પણ તેમના અધિકારને માન આપે તે માટે પ્રાર્થના કરીએ.

૧ પિતર ૨:૧૩ ‘‘તમે માણસોએ સ્થાપેલી દરેક પ્રકારની સત્તાને પ્રભુને ખાતર આધીન રહો.’’

(૬) જર્મનીના ખ્રિસ્તી વિદ્યાર્થીઓનું અપમાન ના થાય અને તેઓ શા માટે ઈશ્વરમાં અને તેમના સર્જનમાં વિશ્વાસ કરે છે તે કહેવાની તેઓને હિંમત પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરીએ.

(૭) તુર્કીના વિદ્યાર્થીઓને બહોળા શિક્ષણનો લાભ મળે માટે પ્રાર્થના કરીએ, કારણ કે ગ્રામ્ય વિસ્તારમાં બાળકો માત્ર પાંચ કે છ ધોરણ સુધી જ ભણે છે, કેટલાકના નાની ઉંમરમાં જ લગ્ન થઈ જાય છે અને દીકરીઓને દીકરાઓ કરતાં ઓછુ શિક્ષણ આપવામાં આવે છે. આ દેશના બાળકો સારો અભ્યાસ કરે તે માટે પ્રાર્થના કરીએ.

(૮) દરેક કુટુંબો, સમાજ અને સરકારના હૃદયોને ઈશ્વર બદલે અને દીકરીઓને પણ ઈશ્વરની પ્રતિમામાં બનાવવામાં આવી છે અને તેઓ પણ સારુ શિક્ષણ મેળવવાને યોગ્ય છે તે તેઓ સમજી શકે માટે પ્રાર્થના કરીએ. (ઉત્પતિ ૧:૨૭)

(૯) ચીનમાં જે દીકરીઓ અને સ્ત્રીઓ બાઈબલનું શિક્ષણ અને આત્મિક તાલીમ લઈ રહી છે તેઓનો ઈશ્વર સાથેનો સંબંધ વધારે ગાઢ બને અને ઈશ્વર તેઓની દરેક જરૂરિયાત પૂરી પાડશે એવા દૃઢ વિશ્વાસમાં તેઓ આગળ વધે તે માટે પ્રાર્થના કરીએ.

(૧૦) ખ્રિસ્તી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ પોતાની શાળામાં એવા લોકોને શોધી શકે કે જેની સાથે તેઓ પ્રાર્થના કરી શકે અને વિશ્વાસમાં ટકી રહેવા તથા સાક્ષી આપવા એકબીજાને ઉત્તેજન આપી શકે તે માટે પ્રાર્થના કરીએ.

(૧૧) દક્ષિણ કોરિયાના માતા-પિતાઓ તેમના કૉલેજના વિદ્યાર્થીઓ સાથે ઈશ્વરના સત્ય, પ્રેમ અને વિશ્વાસને પ્રદર્શિત કરે અને બાળકોની સાથે ગુણવત્તાસભર સમય પસાર કરી શકે તે માટે પ્રાર્થના કરીએ.

(૧૨) જાપાનમાં અભ્યાસ કરતી દરેક દીકરીઓનું જાતીય અત્યાચારથી ઈશ્વર રક્ષણ કરે અને દરેક સ્કુલોમાં ઈશ્વરનો ન્યાય રાજ કરે તે માટે પ્રાર્થના કરીએ.

(૧૩) જર્મનીના વિદ્યાર્થીઓ અને માતા-પિતાઓ પોતાની સ્કુલ અને શિક્ષકો માટે પ્રાર્થના કરવા એકત્ર થાય છે. તેઓ ઈશ્વરના ડહાપણ, સમજણ અને આનંદથી ભરપૂર થાય અને ઈશ્વર ઘણા લોકોને આ રીતે પ્રાર્થના કરવાની પ્રેરણા પૂરી પાડે તે માટે પ્રાર્થના કરીએ.

(૧૪) સ્વીડનના રાજકારણીઓ અને સ્કુલના અધિકારીઓ શિક્ષકો પરના કામના બોજાને હળવો કરવાનો પ્રયત્ન કરે તે માટે પ્રાર્થના કરીએ, કારણ કે છેલ્લા દસ વર્ષથી તેઓ શિક્ષકોની અછત અનુભવે છે.

(૧૫) શિક્ષકો અને અધ્યાપકો લાંબા સમય સુધી સેવાઓ આપવાનું ચાલુ રાખે જેથી વિદ્યાર્થીઓ સાથે તેઓના સંબંધો વિકાસ પામે અને તેઓનું શિક્ષણ પણ સમૃદ્ધ બને તે માટે પ્રાર્થના કરીએ.

(૧૬) ડેન્માર્કના ખ્રિસ્તી યુવાનો સ્થિર ઊભા રહે અને ઈસુના માટે સાક્ષીરૂપ બને તે માટે પ્રાર્થના કરીએ. સ્કુલમાં જાગૃતિ આવે અને જેઓ જીવનનો અર્થ શોધી રહ્યા છે તેઓનો ઉદ્ધાર થાય માટે પ્રાર્થના કરીએ.

(૧૭) ભારતમાં સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ અને નોકરી માટેની વધારે તકો પ્રાપ્ત થાય અને ઈશ્વર તેઓની સર્વ જરૂરિયાતો પૂરી પાડશે તે યાદ રાખીને તેઓ ઈશ્વર તરફ દૃષ્ટિ રાખે તે માટે પ્રાર્થના કરીએ.

(૧૮) કેટલીકવાર સમાજમાંથી બાળકોને જે શિક્ષણ મળે છે તે તેમના માટે નુક્સાનકારક બની શકે છે. ફ્રાન્સની દીકરીઓ ઈશ્વરમાં તેમના સાચા મૂલ્યને સમજે અને ઈશ્વરના માટે હેતુપૂર્વક જીવન જીવે તે માટે પ્રાર્થના કરીએ.

(૧૯) વિયેટનામના પાળકો અને આગેવાનો પોતાની પત્નીઓને શિક્ષિત બનાવે, આ સ્ત્રીઓની સમજ વિસ્તૃત બને અને તેઓ ઈશ્વરની દીકરીઓ તરીકે પોતાના મૂલ્યને અને કાર્યને સમજી શકે તે માટે પ્રાર્થના કરીએ.

(૨૦) આફ્રિકાના સરકારી અધિકારીઓના હૃદયોમાં ઈશ્વર કાર્ય કરે, તેઓ શિક્ષણને અગ્રિમતા આપે અને સ્કુલોમાં લાયકાત ધરાવનાર શિક્ષકો અને જરૂરી સંસાધનોની વ્યવસ્થા કરે તે માટે પ્રાર્થના કરીએ.

(૨૧) કેનેડાની સ્કુલોમાં કાર્ય કરતાં ખ્રિસ્તી જૂથો સુવાર્તાના સત્ય સાથે પ્રેમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકે તે માટે પ્રાર્થના કરીએ.

(૨૨) TWRના "આશાવાન સ્ત્રીઓ"ના સેવાકાર્યને વધારે સમૃદ્ધ બનાવવા ઈશ્વર આગેવાનોને ડહાપણ અને સ્પષ્ટ દોરવણી પૂરી પાડે અને આ વર્ષ દરમ્યાન તે માટેનું સાહિત્ય અને આગેવાનોની તાલીમ માટેના વીડીયો તૈયાર કરી શકાય તે માટે પ્રાર્થના કરીએ.

(૨૩) જાતીય હિંસા, બાળલગ્નો અને નાની ઉંમરના લગ્નોને લીધે દીકરીઓ ઝડપથી ગર્ભવતી બને છે. તેને લીધે તેઓ ભણવાનું છોડી દે છે અને આ કારણે ગરીબીમાં વધારો થાય છે. આ બધી બાબતોનો ઝડપથી અંત આવે તે માટે પ્રાર્થના કરીએ.

(૨૪) આજે આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ છે. વિશ્વભરની દીકરીઓને સારું શિક્ષણ પ્રાપ્ત થાય અને તે શિક્ષણ પ્રાપ્ત કરવા નાણાંકીય ટેકો પણ મળી રહે તે માટે પ્રાર્થના કરીએ.

(૨૫) બ્રાઝિલની સરકાર શિક્ષણ પદ્ધતિ માટે સંસાધનોનું રોકાણ કરે, શિક્ષકોને સારો પગાર આપે અને સ્કુલમાં સલામત વાતાવરણ પૂરું પાડે તે માટે પ્રાર્થના કરીએ.

(૨૬) જે યુવાન પરિણિત સ્ત્રીઓ અને માતાઓ પોતાનું સ્કુલનું શિક્ષણ પૂરું કરવા ફરીથી સ્કુલમાં જાય છે તેઓને ઈશ્વર ડહાપણ, શક્તિ અને દૃઢ મનોબળ પૂરું પાડે તે માટે પ્રાર્થના કરીએ.

(૨૭) ટાન્ઝાનીયાના શિક્ષણ ક્ષેત્ર માટે જવાબદાર અધિકારીઓ ઈશ્વરના આત્માની દોરવણી પ્રાપ્ત થાય અને પોતાના લોકોને ઉત્તમ શિક્ષણ પૂરું પાડવા માટે ડહાપણ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરીએ.

(૨૮) ગુઆરાની ભાષામાં ‘‘આશાવાન સ્ત્રીઓ’’ કાર્યક્રમ વધારે વિસ્તાર પામે અને દક્ષિણ અમેરીકાના લોકોને તારણનો સંદેશ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરીએ.

(૨૯) કિશોરવયની માતાઓ, શરણાર્થીઓ, લઘુમતી કોમની સ્ત્રીઓ અને વિકલાંગ લોકોને તથા દરેક વિદ્યાર્થીઓને સલામત અને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરીએ.

(૩૦) ‘‘આશાવાન સ્ત્રીઓ’’ કાર્યક્રમનું ભાષાંતર કરનાર અને તૈયાર કરનાર બહેનોને ઈશ્વર આંતર સ્ફુરણા અને સર્જનાત્મકતા પૂરી પાડે જેથી તેઓ નિરક્ષર લોકોને પણ ઈશ્વરના સત્યો જણાવી શકે તથા શ્રોતામિત્રોની હૃદયની ભાષામાં તેઓ અસરકારક વાર્તાલાપ કરી શકે તે માટે પ્રાર્થના કરીએ.

(૩૧) હેઈતીમાં શાંતિ જળવાઈ રહે અને બાળકો તથા યુવાન વિદ્યાર્થીઓ પોતાની સ્કુલમાં અને કૉલેજમાં જઈ શકે માટે પ્રાર્થના કરીએ.

**ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા**

**પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ,**

**વડોદરા - ૩૯૦૦૦૨**

**Free MP3 download : radio882.com**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**